**સરકારી અધિકારીઓને મોબાઇલ ફોનની સુવિધા આપવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : સીઇએલ-૧૦૨૦૦૬-૮૪૨-ઘ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૯-૧૨-૨૦૧૪.

વંચાણે લીધા :(૧) સા.વ.વિ./પ્રોટોકોલનો તા.૨૨/૦૩/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:સીઇએલ-૧૦૨૦૦૩-૧૪૭૮- ઘ,
(૨) સા.વ.વિ./પ્રોટોકોલનો તા.૦૪/૧૧/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:સીઇએલ-૧૦૨૦૦૩-૧૪૭૮- ઘ,
(૩) સા.વ.વિ./પ્રોટોકોલનો તા.૨૮/૧૨/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:સીઇએલ-૧૦૨૦૦૯-૮૮૧૯૮૫-ઘ,
(૪) સા.વ.વિ./પ્રોટોકોલનો તા.૦૩/૧૧/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:સીઇએલ-૧૦૨૦૦૬-૮૪૨- ઘ,
(૫) ગૃહ વિભાગની તા.૨૨/૦૮/૨૦૧૩ની યુઓઆર નોંધ ક્રમાંક:ટલફ/૧૦/૨૦૧૩/૭૩૨૯૮૬/ટ,

**આમુખ :**

રાજ્ય સરકાર દ્વારા મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીશ્રીઓને વર્ષ, ૧૯૯૮થી મોબાઇલ ફોનની સુવિધા પૂરી પાડવામાં આવે છે. ત્યારબાદ સ્પર્ધાત્મક બજારમાં ઉપલબ્ધ થતી નવી હાઇ-ટેક ટેકનોલોજી અને સેવાઓને ધ્યાને લઇ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક:(૧) અને (૨)ના ઠરાવથી મોબાઇલ હેન્ડસેટની ખરીદી તથા મહાનુભાવો અને અધિકારીશ્રીઓને મળવાપાત્ર એર ટોક ટાઇમ મર્યાદા નકકી કરવાનો નિર્ણય કર્યો છે. મંત્રીશ્રીઓ અને ઉચ્ચ કક્ષાના મહાનુભાવો તેમજ અધિકારીશ્રીઓ માટે મોબાઇલ ફોન મંજૂર કરવા માટેની સક્ષમ સત્તા પણ નિયત થયેલ છે. મોબાઇલ ફોન જેવી હાઇ-ટેક ટેકનોલોજી હાલના સ્પર્ધાત્મક યુગમાં સસ્તી થઇ છે અને તે સરકારી કામગીરીનું અભિન્ન અંગ પણ બન્યો છે. સચિવાલય અને જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓની કાર્યક્ષમતા વધે, રોજબરોજની કામગીરી સરળતાથી કરી શકે તે માટે ગૃહ વિભાગની ઉપર વંચાણે લીધેલ ક્રમાંક : (૫) ની અવિધિસર નોંધ અંતર્ગત રાજ્યના નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ / મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને મોબાઇલ ફોનની સુવિધા પૂરી પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

***ઠરાવ :***

સરકારશ્રી દ્વારા વિચારણાને અંતે રાજ્યના તમામ નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ / મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને મોબાઇલ હેન્ડસેટ મંજૂર નહિ કરવાની શરતે માસિક રૂ. ૫૦૦/- (ત્રિમાસિક રૂ. ૧૫૦૦/-) ની એર ટોક ટાઇમ મર્યાદામાં મોબાઇલ ફોનની સુવિધા મંજૂર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. ઉપર વંચાણે લીધેલ ક્રમ (૪) ના ઠરાવની ક્રમ : ૫ ની સૂચનામાં જણાવ્યા મુજબ વોડાફોન વેસ્ટ લી. ના શ્રી કરણસિંહ ઝાલાના બદલે શ્રી નિશાંત રાય (મોબાઇલ ફોન નંબર : ૯૮૨૫૦૦૦૨૦૪) નો સંપર્ક કરવાનો રહેશે. આ સિવાયની ક્રમ : ૨ થી ૪ અને ૬ તેમજ ક્રમ : ૫ ની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૧૭-૧૧-૨૦૧૪ ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( કલ્પેશ ભટ્ટ )
ઉપસચિવ (પ્રો)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ / રા.ક.મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય દંડકશ્રી / નાયબ મુખ્ય દંડકશ્રી / દંડકશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો - તેઓ હસ્તકના તમામ ખાતાના વડા અને બોર્ડ / કોર્પોરેશનને જાણ કરવાની વિનંતી સહ.
સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશકશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ.
સર્વે જિલ્લા કલેકટરશ્રી.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
સર્વે જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
પસંદગી ફાઇલ.

<u>નકલ રવાના :</u>
શ્રીમતિ ઉર્ના બેનર્જી, એરિયા સેલ્સ મેનેજર, વોડાફોન વેસ્ટ લિ., અમદાવાદ.